ચિલોડા મોટા ખાતે વાહનચાલકોની આંખ ચકાસણી કાર્યક્રમ યોજાયો

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

શહેરના અગ્રણી, આર.ટી.ઓ. જિલ્લા ટ્રાફિક તથા પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિ

ચિલોડા, તા. ૧૭

ગાંધીનગર શહેરના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક ૨૫મુ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના સમાપન દિવસે શહેરમાં તથા ગ્રામ્ય વિસ્તારના જાહેર માર્ગો પર ટ્રાફિક નિયમન અંગે લોકજાગૃતિ કેળવવાના હેતુસર માર્ગ સલામતી સપ્તાહ અન્વયે તા. ૧૭મી જાન્યુઆરીના રોજ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ગાંધીનગર, આર.ટી.ઓ. કચેરી જિલ્લા ટ્રાફિક પોલીસ, ચિલોડા પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય ખાતે વાહનચાલકોની દૃષ્ટિ ચકાસણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત ચિલોડા સર્કલ પાસેના માર્ગો પર વાહનચાલકોને પેમ્ફલેટનું વિતરણ કરી ટ્રાફિકના નિયમોમાં વાહન લાયસન્સ, સીટબેલ્ટ તથા ટુ વ્હીલર ચાલકે હેલમેટનો હંમેશા ઉપયોગ કરવા માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જિલ્લામાં ટ્રાફિક નિયમન અને ગતિ નિયંત્રણના અભાવે નેશનલ હાઈવે પર અસંખ્ય વાહનો અને બેફામ, ગફલત રીતે, પુરઝડપે, ઓવર લોડ વાહનો ઓવરટેક, ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ, વાહનોમાં ક્ષમતાથી વધુ માણસો, નશો કરી વાહન હંકારવું વગેરેથી રોજબરોજ અનેક અકસ્માતો સર્જાય છે.

બીજાની જિંદગી આપણા જેટલી જ કિંમતી છે. નશામુક્ત રહી સલામત રહો અને વાહન ચલાવો વગેરે ટ્રાફિકના નિયમોનું પાલન કરવુ અતિ આવશ્યક બન્યું છે. હજુ રોડ સેફ્ટી માટે કોઈ નક્કર પગલાં લેવાતા નથી. પરિણામે વાહનોની સંખ્યા, અકસ્માતોની સંખ્યા અને મૃત્યઆંકનો આંકડો વધતો જાય છે. માર્ગ અકસ્માતમાં જીવલેણ ઈજાઓ-મૃત્યુ તથા અકસ્માતોમાં ઘટાડો કરવાની સૌ નાગરિકો દ્વારા સંનિષ્ઠ પ્રયાસોમાં માર્ગ સલામતી અંગે લોકજાગૃતિ કેળવવા એક ઝુંબેશ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાહનચાલકોની દૃષ્ટિ ચકાસણી, પેમ્ફલેટનું વિતરણ કાર્યક્રમ વિશિષ્ટ રીતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શહેરી વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરૂણ બૂચ, શીતારામ પટેલ, મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કિશોર જિકાદરા, નિલમદુ વોરા, ડૉ. સુનીલ જોષી, બ્રહ્માકુમારી તારાબેન વગેરે, પી.આઈ. વાય. આર. ગામીત, પી.આઈ. કે.કે. પંડ્યા, આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર કૌશિક પટેલ, પી.આઈ. કે.ડી. પ્રજાપતિ, પી.એસ.આઈ. પી.જે. પંડ્યા, એમ.સી. ગોહેલ તથા પોલીસકર્મી, ટ્રાફિક બ્રિગેડ કર્મી, હોમગાર્ડજ જવાનો વગેરે દ્વારા કર્મચારીઓ જોડાઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

દહેગામ તાલુકાના ધારીસણા ગામે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ભારત વિકાસ પરિષદની ગાંધીનગર શાખા અને અમદાવાદની જીસીએસ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે દહેગામ તાલુકાના ધારીસણા ગામે તા. ૧૯મી જાન્યુઆરી રવિવારે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ધારીસણા ગામની સરકારી પ્રાથમિક શાળામાં સવારે ૯ થી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન યોજાશે.

ગ્રામ વિસ્તારના જરૂરિયાતમંદોને મદદરૂપ થવાના આશયથી આ મફત રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ફીઝીશીયન, મેડીસીન, ઓર્થોપેડીક, બાળકોના રોગો, આંખના રોગો અને ચામડીના રોગોના નિષ્ણાંત ડોક્ટર્સ તેમની સેવાઓ આપશે તેમજ જરૂર જણાશે ત્યાં દર્દીઓને વિનામૂલ્યે દવાઓ પણ આપવામાં આવશે. આ કેમ્પમાં ચેકઅપ કરાયા બાદ દર્દીને જરૂરી સર્જરી અને વધુ સારવારની જરૂરિયાત લાગશે તો તેવા દર્દીઓને જીસીએસ હોસ્પિટલમાં રાહત દરે તે સેવાઓ અપાશે. આ કેમ્પનો લાભ વધુને વધુ વ્યક્તિઓ લે તે માટે ભારતીય વિકાસ પરિષદે અનુરોધ કર્યો છે.

વણકર સમાજ જીવનસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા લગ્નોત્સુક યુવક-યુવતિઓનો દ્વિતીય જીવનસાથી પરિચય સંમેલન તા. ૧૯ જાન્યુઆરી, રવિવાર, બપોરે ૧૨.૦૦ કલાકે ડૉ. આંબેડકર ભવન સેક્ટર-૧૨ ખાતે યોજાશે. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે ઝવેરભાઈ ચાવડા તેમજ અશોકભાઈ પટેલ ધારાસભ્ય, બાબુભાઈ રાઠોડ, રાકેશભાઈ પટેલ અને અલ્પેશભાઈ વાઘેલા ઉપસ્થિત રહેશે.

આજે સે-૨૬માં સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૧૭

સંજય ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડ પાઠ આજ રોજ શનિવાર રાત્રે ૮-૦૦ કલાકે નવરાત્રિ ચોક સેક્ટર-૨૬ ખાતે યોજવામાં આવશે. જેમાં ભાવિ ભક્તોને લાભ લેવા જણાવાયું છે.

અવસાન નોંધ

ગાંધીનગર, તા. ૧૭

પુષ્પાબેન ચિમનલાલ ત્રિવેદીનું અવસાન થતા સ્વર્ગસ્થનું બેસણું આજરોજ, શનિવાર સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૬૬૨/૨, સેક્ટર-૫-સી, ગાંધીનગર ખાતે રાખેલ છે.

સેન્ટ્રલ વિસ્ટાની બન્ને બાજુથી ઘ-૪ અને ચ-૪ને જોડતા માર્ગ બંધ થશે

ગાંધીનગર, તા. ૧૭

મહાત્મા મંદિરની સામે સેન્ટ્રલ વિસ્ટા ગેજેકટ પાર્ટ - ૩નું બાંધકામ ટુંક સમયમાં શરૂ થનાર છે. આ કામ ચાલુ રહે ત્યાં સુધી સેન્ટ્રલ વિસ્ટાની બન્ને બાજુનો ઘ-૪ થી ચ-૪ને જોડતા માર્ગ બંધ કરવાનો હુકમ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે કર્યો છે. આ બન્ને માર્ગ નગરના હાર્ટ સમા ચ અને ઘ રોડને જોડતા હોવાથી આ માટે વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં આવી છે. કલેકટર શ્રી પી.સ્વરૂપે જાહેરનામામાં જણાવ્યું છે કે, સેન્ટ્રલ વિસ્ટા ગેજેકટ પાર્ટ-૩નું કામ શરૂ થતા ઘ-૪ અને ચ-૪ને જોડતો માર્ગ બંધ કરી દેવામાં આવશે. આ બન્ને માર્ગ બંધ થતાં ઘ-૫ તરફથી આવતા ટ્રાફિકને ચ રોડ ઉપર જવા માટે ટાઉનહોલ આગળ સેન્ટ્રલ વિસ્ટાના ભાગ તરીકે બનાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રેહશે. તેમજ ઘ રોડ પરથી આવતા ટ્રાફિકને સેકટર-૧૧ માં વાણિજ્ય વિસ્તારમાં જવા માટે ઉદ્યોગ ભવન તથા બેંક ઓફ બરોડા આગળ થઈને પસાર થતા રસ્તાનો ઉપયોગ કરવાનો રેહશે. તે જ રીતે ચ- રોડ તરફથી આવતા ટ્રાફિકને સેકટર-૧૧માં અને મહાત્મા મંદિર તરફ જવા માટે સેન્ટ્રલ વિસ્ટાના ભાગ તરીકે બનાવેલ બેંક ઓફ બરોડા - ઉદ્યોગ ભવન પાસેથી પસાર થતાં રસ્તાનો ઉપયોગ કરવાનો રેહશે.

સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણીમાં ઉપવાસ આંદોલન કરી રહેલ શિક્ષકોને શુક્રવારે સાંજે ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા તથા કાર્યકરોએ પારણાં કરાવતા આંદોલનનો અંત આવ્યો હતો. (તસવીર : દીપક જાની)

નવા પગારનું અમલીકરણ ન થતા બાયસેગના કર્મચારીઓ આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા. ૧૭

ઈન્ફોસિટી પાસે આવેલ ગાંધીનગરની ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ 'બાયસેગ'માં ભક્તિ કન્સલટન્સી દ્વારા ફરજ બજાવતા ૩૦૦ જેટલા કર્મચારીઓની પગાર અંગેની માંગણીને લઈને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન પર ઉતર્યા છે. અગાઉની હડતાળના સમાધાન સમયે સમાધાન સ્વરૂપે સંચાલકોએ આપેલ સમય મર્યાદા કરતા ત્રણ ગણો સમય વીતવા છતાં કોઈ પગલા ના લેવાતા આ કર્મચારીઓએ સત્યાગ્રહનું સરણું લીધું છે.

બાયસેગના કર્મચારીઓએ અન્ય સંસ્થાઓમાં કાર્યરત સમકક્ષ કર્મચારીઓના પગારની તુલનાએ તેમનો પગાર ખૂબ જ ઓછો હોવાના કારણે ગત ઓક્ટોબર માસમાં જ 'પેન-ડાઉન' સ્ટ્રાઈક પર ઉતરી તેમની માંગણીઓ મેનેજમેન્ટ તેમજ તેમના કન્સલટન્ટ ભક્તિ કન્સલટન્સી સમક્ષ મુકી હતી. આ ઉપરાંત તેમણે તેમના પ્રશ્નોની રજૂઆત રાજ્યના મુખ્યમંત્રી તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગને પણ લેખિતમાં કરી હતી. આ સ્ટ્રાઈકના સમાધાન રૂપે તા. ૧લી નવેમ્બરે કર્મચારીઓના ૬ પ્રતિનિધિઓ સાથેની મીટીંગમાં બાયસેગના મેનેજર આર.પી. સુથાર, પ્રોજેક્ટ મેનેજર અજય પટેલ, ડીએસટીના પારૂબેન ઠક્કર તેમજ ઉપ સચિવ ગૌરાંગ શાહની ઉપસ્થિતિમાં એક માસમાં પગારના પ્રશ્નનું નિરાકરણ લાવવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું.

આ મીટીંગમાં સૂચવાયેલ ફોર્મ્યુલા મુજબ કર્મચારીઓના પ્રતિનિધિઓએ નવું પગાર માળખુ તા. ૯મી ડિસેમ્બરે બાયસેગના મેનેજરને સુપ્રત કરી દીધુ હોવા છતાં આજદિન સુધી તે અંગે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. ઉપસચિવના એક માસમાં ઉકેલ લાવવાના આશ્વાસન છતાં કોઈ જ કાર્યવાહી ના દેખાતા કર્મચારીઓએ તા. ૧ ૩મી જાન્યુઆરીએ ફરીથી લેખિત અરજી આપી બે દિવસનો સમય આપેલ પરંતુ તા. ૧૬મી જાન્યુઆરી સાંજ સુધી મેનેજમેન્ટ તરફથી કોઈ પ્રતિભાવ આવ્યો નહોતો જેથી કર્મચારીઓને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનમાં જોડાવવાની ફરજ પડી હતી. આ કર્મચારીઓ દ્વારા મોંઘવારીને લક્ષમાં રાખીને બાયસેગ મેનેજમેન્ટ તેમને પોષાય તેવું પગાર ધોરણ સત્વરે રજૂ કરે તેવો અનુરોધ કરી રહ્યા છે.

ચિલોડા મોટા ખાતે ૫ મણના શ્વાનના લાડુ બનાવી સેવાકાર્યનું બીડું ઝડપ્યું

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલું મોખરાનું સ્થાન ધરાવતું ચિલોડા મોટા ગામના ચોકમાં ઉત્તરાયણ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ ગામના મંડળો દ્વારા દાન-પુણ્યના મહિમાને ચરિતાર્થ કરવા કમર કસી છે. ઉત્તરાયણ પહેલાં ગામના યુવાનો દ્વારા ફંડફાળો ઉઘરાવી ૨૦૦ કિલોના લાડુ બનાવી ફૂતરાઓને મિષ્ઠાન્ન કરાવ્યું હતું. ત્યારબાદ ઉત્તરાયણ પછી શ્રી રામભકત મંડળ દ્વારા પુનઃ પાંચ મણના લાડું બનાવવાનું ભગીરથ પુણ્યનું કાર્ય હાથ ધરી ફૂતરાઓને ખવડાવવા સેવા કાર્યું બીડું ઝડપ્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગરમાં પલ્સ પોલિયો માટે કેન્દ્રો નિયત કરાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન દિવસ તા. ૧૯મી જાન્યુઆરી, રવિવારના રોજ યોજાનાર છે. જેમાં પાંચ વર્ષથી નાના તમામ બાળકોને પલ્સ પોલિયોની રસી પીવડાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. નગરજનોને તેમના પાંચ વર્ષથી નાના બાળકોને આ રસી તેમના નજીકના સ્થળે જ પીવડાવવાની મહાનગરપાલિકા દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે.

પલ્સ પોલિયો મહાનગરપાલિકા વિસ્તારના સેકટર - ૧માં ગાયત્રી મંદિર, સમદર્શન આશ્રમ, સેકટર - ૨માં સરકારી દવાખાનું, ઘ-૨ કોર્નર ડૉ. રાજેશ પટેલના દવાખાનામાં, સેકટર-૨/બીના શિવમંદિર, સેકટર-૨/ડીના શિવમ વિદ્યાલય, સેકટર-૩ સુવિદ્યા કચેરી, સે-૩/સી સપ્તપદી મંદિર, સે-૩/બી અંબાજી મંદિર, સે-૩/એ અંબાજી મંદિર, સે-૩ એ ન્યુ સરકારી દવાખાનું, સે-૪/સી ગોગા મંદિર, સે-૪/એ શિવમંદિર, સે-૪/બી શનિ મંદિર, સે-૪/ડી સરકારી દવાખાનું, સે-૫/એ ેરણા શાળા, સે-૫ સરકારી દવાખાનું, સે-૫/સી મહાકાળી મંદિર, સે-૬ -થમિક શાળા,સરસ્વતી સ્કુલ, સે-૬/ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર, સે-૭ -થમિક શાળા, પટેલ વાડી, સે-૭/સી શિવ મંદિર, સે-૭/બી સંજીવની હોસ્પિટલ , સે-૮ -થમિક શાળા, સરકારી દવાખાનું, સે-૯ સુવિદ્યા કચેરી, સે-૧૨ પોલીસ ચોકી, -થમિક શાળા, પી.પી.યુનિટ (સિવિલ હોસ્પિટલ), સે-૧૩ -થમિક શાળા, છાપરા, એરફોર્સ દવાખાનું, વિસ્થાપીત છાપરા, આંગણવાડી, ગોકુલપુરા આંગણવાડી, સે-૧૪ બ્લોક નંબર-૫૮/૨, ગુ.હા.બોર્ડ દિવ્યા બ્યુટી પાર્લર, સે-૧૫ ફતેહપુરા -થમિક શાળા, સે-૧૬ સોમનાથ મહાદેવ, -થમિક શાળા, સે-૧૭ સરકારી દવાખાનું, -થમિક શાળા, સે-૧૯ સુવિદ્યા કચેરી, સે-૨૦ સરકારી દવાખાનું, -થમિક શાળા, સે-૨૧ સરકારી દવાખાનું, -થમિક શાળા, સે-૨૧ પંચશીલ પાર્ક, શાંતિ પેલેસ ફ્લેટ - ૬૪૪, સે-૨૨ સરકારી દવાખાનું, -થમિક શાળા, રામેશ્વર મહાદેવ (મહિલા સિવણ કલાસ પાસે), સે-૨૩ સરકારી દવાખાનું, -થમિક શાળા, અરવિંદ કેન્દ્ર

● અનુસંધાન પાના - ૬ પર

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬
સૂર્યાસ્ત : ૫.૫૮

તાપમાન

મહત્તમ : ૨૬.૦૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૪૧ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ લીજેન્ડ ઓફ હરક્યુલસ ૩-ડી(હિન્દી) : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૧૫, ૮.૩૦, ૧૦.૪૫
શોલે-૩ડી : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૯.૪૫
કરલે પ્યાર કરલે : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
કરલે પ્યાર કરલે: ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
કરલે પ્યાર કરલે : ૯.૩૫
મીસ લવલી : ૧૨.૦૫, ૬.૦૦
ધૂમ-૩ : ૨.૩૦, ૧૦.૦૦

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫
વીરમ (તમિલ) : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦
યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૬ :
યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦
ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ :૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ધ લીજન્ડ ઓફ હરક્યુલસ : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦
હાથી મેરે સાથી : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૩ :
હાથી મેરે સાથી : ૧૧.૧૫, ૫.૦૦
કરલે પ્યાર કરલે : ૨.૦૦ ૮.૦૦, ૧૦.૧૫

વિરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

યશરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું.

વૃષભ : ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે.

મિથુન : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે.

કર્ક : કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે.

સિંહ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે.

કન્યા : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

તુલા : પરાક્રમની પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી -વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

ધન : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

કુંભ : વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

મીન : આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ.મંગૂબેન ધનાભાઈ ગુર્જર (ઉ.વ. ૬૪)મુ.પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર
- સ્વ. પુષ્પાબેન ચીમનલાલ ત્રિવેદી(ઉ.વ. ૯૯)પ્લોટ નં. ૧૬૬૨/૨, સેકટર-૫/સી, ગાંધીનગર
- સ્વ. વિમલબેન ગોરખનાથ ગુલવે (ઉ.વ. ૬૪)પ્લોટ નં. ૩૬૪/એ/૨, સેકટર-૧૨/સી, ગાંધીનગર